# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

- ❖ રાજ્યભરમાં હર-ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ
- ❖ કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ રાજકોટ ખાતે અતિ આધુનિક વાઈરસ રીસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટીક લેબનો પ્રારંભ કરાવ્યો.
- ❖ હવામાન વિભાગ દ્વારા આજે રાજ્યના ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી
- ❖ નર્મદા ડેમની જળસપાટી 133.61 મીટરે પહોંચતા આજે નર્મદા નદીમાં પાણી છોડાશે  - 60 ગામોને સાવચેત કરાયા.
- ❖ રાજ્યના 11 હજાર વિદ્યાર્થીઓ આજે NEET-PG પરીક્ષા આપશે.

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# HAR GAR TIRANGA -DISTRICTS

રાજ્યભરમાં 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના રેસકોર્સ ખાતેથી ગઈકાલે રાજ્યવ્યાપી "હર ઘર તિરંગા" અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે શ્રી નડ્ડાએ વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવાના પ્રધાનમંત્રીના સંકલ્પને પૂર્ણ કરવા શ્રેષ્ઠ યોગદાન આપવા આહવાન કર્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, મેરી માટી મેરા દેશ, આઝાદી કા અમૃત મહોત્સવ અને તિરંગા યાત્રા અભિયાને નાગરીકોમાં રાષ્ટ્ર પ્રથમની ભાવનાને પ્રબળ બનાવી છે.

સુરત ખાતે આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાશે આ યાત્રામાં સી.આર.પી.એફ. સહિત પોલીસ બેન્ડના જવાનો ભાગ લેશે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગઈકાલે તિરંગા યાત્રા યોજાઈ હતી. મહેસાણાના વિસનગરમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે શાળાના બાળકો દ્વારા આયોજીત તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે રાજ્યના નાગરિકોને હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થવાનો અનુરોધ કર્યો હતો.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં કામરેજ પ્રાથમિક શાળા ખાતે ભવ્ય 'તિરંગા યાત્રા' યોજાઈ હતી. બીજી તરફ કચ્છ જિલ્લામાં કોટેશ્વર, માંડવી બીચ, માતાના મઢ તથા ધોળાવીરા ખાતે તિરંગા યાત્રા યોજાઈ હતી.

...2

વડોદરા જિલ્લાના બીથલી, સાધલી, સાધી અને ધાવટ સહિત અનેક ગામોમાં દેશભક્તિના સૂત્રોચ્ચાર સાથે તિરંગો લહેરાવીને ગામજનો હર ઘર તિરંગા અભિયાનમાં જોડાયા હતા.

ગીર સોમનાથના સૂત્રાપાડા તાલુકાના લોઢવા ગામે કન્યાશાળાથી મુખ્યચોક સુધી તિરંગા યાત્રા યોજાઈ હતી.

પોરબંદરની પંચવટી સોસાયટીના આંગણવાડી કેન્દ્રમાં દેશ ભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો. કમલાબાગ નજીક જિલ્લા પોલીસ અધિક્ષક સહિતના પોલીસ જવાનો દ્વારા રસ્તા પર પસાર થઈ રહેલા વાહનચાલકોને તિરંગા વિતરણ કરવામાં આવ્યા હતા.

ભાવનગર જિલ્લામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત 68 શાળાઓમાં રાષ્ટ્રધ્વજ રંગોળી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 2 હજાર 800થી વધુ  બાળકોએ ભાગ લીધો હતો.

દાહોદ તાલુકાની ગુરૂકુળ વિધાલય ખાતે વિવિધ આયોજનો થકી હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી. તો છોટાઉદેપુર જિલ્લામાં યોજાયેલી ચિત્ર અને રંગોળી સ્પર્ધામાં 200 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અમદાવાદ ખાતે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, દ્વારા ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ ઉપરાંત ભરૂચ, અમરેલી, આણંદ, ખેડા, દેવભૂમિ દ્વારકા સહિત રાજ્યના દરેક જિલ્લાઓમાં નાના બાળકોથી લઈને વયોવૃદ્ધ નાગરીકો પણ તિરંગા યાત્રામાં જોડાઈ રહ્યા છે.

-----------------------------------------------------------------

-માહિતી પીટીસી, દાહોદ, કરણ -(NAVIN)

# HELATH MINISTER AIIMS VISIT

કેન્દ્રિય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ ગઇકાલે રાજકોટની એઇમ્સ ખાતે વાઇરલ રિસર્ચ એન્ડ ડાઇગ્નોસ્ટીક લેબોરેટરીનું ઉદઘાટન કર્યુ હતું. આ લેબમાં 28 પ્રકારનાં રોગોની તપાસ થશે. જે દેશની બીજી અતિ આધુનિક લેબ બની રહેશે.

ઉદ્ઘાટન પ્રસંગે આરોગ્ય મંત્રીએ તાત્કાલિક સારવાર અને ટ્રોમા વિભાગની મુલાકાત લઈ આરોગ્યલક્ષી સુવિધાઓની જાણકારી મેળવી હતી. તેમજ એઇમ્સમાં આઉટડોર, ઇન્ડોર પેસન્ટ સુવિધા અને ટેલી મેડિસિન અંગે માહિતી મેળવી ઇન્ડોર પેસન્ટ વિભાગ, ઇમર્જન્સી વિભાગ સહિતના વિવિધ વિભાગની મુલાકાત કરી હતી.

શ્રી નડ્ડાએ જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આરોગ્ય સેવાના વિસ્તાર, સુવિધા અને સંશોધન માટે કટિબધ્ધ છે. આરોગ્ય અને તબીબી ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સારવાર-સુવિધા પુરી પાડતી એઇમ્સ, આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તેના ઉદાહરણો છે.

શ્રી નડ્ડાએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં કાર્યકાળમાં પ્રાદેશિક સ્તરે જ 18 જેટલી એઇમ્સ જેવી અત્યાધુનિક હોસ્પિટલો કાર્યરત બની છે અને 4 એઇમ્સ નિર્માણધીન છે. એઇમ્સના માધ્યમથી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ અને સંશોધનો ઉપલબ્ધ થઇ રહ્યા છે.

----------------------------------------------------------------------

- પીટીસી- રાજકોટ - સરફરાજ નાગોરી -(NAVIN)

# WEATHER

હવામાન વિભાગે આજે રાજ્યના ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે... હવામાન વિભાગે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ તેમજ મહિસાગર, આણંદ, દાહોદ, વડોદરા અને છોટાઉદેપુરમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે આ જીલ્લાના લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે..

જ્યારે વરસાદની સાથેસાથે 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા પણ હવામાન વિભાગે દર્શાવી છે..સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના કેટલાંક જીલ્લોઓમાં ગાજવીજ સાથે મધ્યમથી હળવા વરસાદની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે..

------------------------------------------------------------------------

-રીપીટ

# Narmada Dam

ઉપરવાસથી પાણીની ભરપૂર આવકના પગલે નર્મદા ડેમની જળ સપાટી મહત્તમ 133.61 મીટરે પહોંચી છે.

મધ્યપ્રદેશમાં ઉપરવાસના બે જળાશયમાંથી છેલ્લા ત્રણ દિવસથી પાણી છોડાઈ રહ્યું છે. જેના પગલે નર્મદા ડેમમાં પાણીની વિપુલ પ્રમાણમાં આવક થઈ રહી છે. આજે ડેમના દરવાજા ખોલી ક્રમશઃ 95 હજારથી 2.45 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવશે. જેને પગલે ભરૂચ, વડોદરા અને નર્મદા જિલ્લાના કાંઠાના 60 જેટલા ગામોને સાવચેત કરાયા છે.

આજ સવારથી છોડવામાં આવનાર પાણીને લઈ ભરૂચ જિલ્લા કલેકટરે લોકોને ભયભીત ન થવા અને સાવચેત રહેવા સૂચના આપી છે.

સરદાર સરોવરની જળ સપાટી વધતા પાટણના બનાસ અને ખારી નદી કાંઠાના ગામોને સાવચેત કરાયા છે. સરદાર સરોવરની જળ સપાટી વધતા નર્મદા કેનાલ મારફતે પેટા કેનાલો અને નદીઓમાં પાણી છોડવાની શકયતાના પગલે ખારી અને બનાસ નદી કાંઠાના વિસ્તારોના ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરાયા છે.

આ સાથે ઉકાઈ ડેમના ચાર દરવાજા ચાર ફૂટ ખોલી પાણી છોડાઈ રહ્યું છે જેને પગલે તાપી નદીની આસપાસના ગામોને સાવચેત કરાયા છે.

---

-પીટીસી, ભરૂચ, તાપી, નિકીતા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# LOKARPAN

જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા બાબતોના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાના મોટા માત્રા ગામ ખાતે 14.50 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલી ગ્રામ પંચાયતના નવા ભવનનું લોકાર્પણ કરાયું હતું.

આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મોટા માત્રા ગ્રામ પંચાયતનું લોકાર્પણ થતાં તમામ સરકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચી શકશે, તેમજ ગામલોકોના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવી શકાશે, જે ખુશીની વાત છે.

તેમણે ઊમેર્યું હતું કે, તંત્ર અને પ્રજાના સહિયારા પ્રયાસોથી આ ગામ રોડ-રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધાઓથી સભર થતાં સતત પ્રગતિ સાધી રહ્યું છે.

આ તકે મંત્રીશ્રીએ ગ્રામ પંચાયતના વિવિધ ઓરડાનું નિરીક્ષણ કરીને જરૂરી સૂચનો આપ્યા હતા. તથા વૃક્ષારોપણ કર્યું હતું. તેમજ સ્થાનિકોના પ્રશ્નો સાંભળીને સંબંધિત અધિકારીઓને ઉકેલ લાવવા સૂચના આપી હતી.

---

-માહિતી, નિકીતા -(NAVIN)

# NEET-PG

રાજ્યના 11 હજાર વિદ્યાર્થીઓ આજે NEET-PG પરીક્ષા આપશે. નેશનલ બોર્ડ ઓફ એકઝામીનેશન NBE દ્વારા દેશભરમાં NEET-PG પરીક્ષા માટે હોલ ટીકીટ સહિતની વ્યવસ્થા પૂર્ણ કરાઈ છે. આજે દેશભરના 2.28 લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. જેમાં રાજ્યના 11 હજાર વિદ્યાર્થીઓ NEET-PG પરીક્ષા આપશે. રાજ્યના 24 કેન્દ્રો પર આ પરીક્ષાનું આયોજન કરાયું છે.

ઉલ્લેખનીય છે કે, પેપરલીક થવાના ભયના કારણે અગાઉ બે વખત આ પરીક્ષા મોકુફ રખાઈ છે.

---------------------------------------------------------------------

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# SURAT SCHOOL OPENINGS

સુરત જિલ્લાના કામરેજ ખાતે મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત 3.70 કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન સુવિધાઓથી સજ્જ નવનિર્મિત શાળા ભવનનું શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ  લોકાર્પણ હતું હતું. આનાથી કામરેજ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના બાળકોને ઉત્તમ શિક્ષણ સુવિધા પ્રાપ્ત થશે.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના માધ્યમથી બાળકો આધુનિક-ડિજીટલ શિક્ષણ મેળવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે વેલંજા અને ખોલવડ ગામે સ્માર્ટ ક્લાસરૂમ અને કોમ્પ્યુટર લેબ અત્યાધુનિક સુવિધાઓ સાથેની શાળાને મંજૂરી મળી છે અને

ટૂંક સમયમાં કામરેજ તાલુકામાં સાયન્સ કોલેજનું ભૂમિપૂજન કરવામાં આવશે.

----------------------------------------------------------------------

-માહિતી, સુરત, કરણ -(NAVIN)

# DIU TRAINIG

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે સમગ્ર શિક્ષા કાર્યક્રમ અન્વયે 'અદ્રશ્ય દિવ્યાંગતા' પર ગઈકાલે તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો.

સામર્થ્ય પહેલ હેઠળ વિશેષ પ્રકારની દિવ્યાગતા ધરાવતા ધોરણ 3 થી 12 સુધીના વિદ્યાર્થીઓની તાલીમબદ્ધ શિક્ષકો દ્વારા ઓળખ કરવામાં આવશે.

જે અંતર્ગત આ તાલીમ કાર્યક્રમમાં દીવની સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના 30 જેટલા શિક્ષકો જોડાયા હતા.

---------------------------------------------------------------------

- દીવ પીટીસી કરણ

-(NAVIN)

# BSF PAKISTANI BOT

ભારતીય સીમા સુરક્ષાબળને કચ્છની સરહદે પેટ્રોલિંગ દરમિયાન હરામીનાળામાંથી બિનવાસી હાલતમાં પાકિસ્તાની બૉટ મળી આવી છે.

બિનવારસી હાલતમાં મળેલી આ બોટની ચકાસણી કરતાં કેરબા, માછીમારીનાં સાધનો સિવાય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. આ અંગે દયાપર પોલીસ મથકે બીએસએફએ જાણવા જોગ ફરિયાદ દાખલ કરાવી હતી.

---------------------------------------------------------------------

- કચ્છ -પીટીસી - સરફરાઝ નાગોરી -(NAVIN)